# આકાશવાણી ભુજ

**સમાચાર વાચક: નેહલ ઠક્કર**

**કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ**

**તારીખ : ૧૪-૦૩-૨૦૨૪ ગુરુવાર　　　　　　　સમય : સાંજે ૬:25 કલાકે**

---

## મુખ્ય ચૂંટણી અધિકારી:

મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ જણાવ્યું છે કે, ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી અંગેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવે તે દિવસથી જ આદર્શ આચારસંહિતા અમલમાં આવશે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, રાજ્યમાં આદર્શ આચારસંહિતાનું પાલન થાય તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા ચૂંટણી તંત્ર દ્વારા નોડલ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે. આ તમામ અધિકારીઓને ચૂંટણી પ્રક્રિયા અંગેની વિસ્તૃત તાલીમ પણ આપવામાં આવી છે.

સુશ્રી ભારતીએ જણાવ્યું કે, આ ઉપરાંત, નિષ્પક્ષ વાતાવરણમાં ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થાય તે માટે ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા ૪૬૦થી વધુ અધિકારીઓ તથા કર્મચારીઓની બદલી કરવામાં આવી છે.

- (RNU અમદાવાદ)

---

## ના. જીલ્લા ચૂંટણી અધિકારી-વૃદ્ધ અને દિવ્યાંગ મતદારો:

લોકસભાની 18મી સામાન્ય ચૂંટણીની તારીખ જાહેરાત થાય તેવી જોવાતી રાહ વચ્ચે તંત્રની તૈયારીઓ હવે અંતિમ તબક્કે પહોંચી છે. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈએ આપેલી વિગત મુજબ આ વખતની ચૂંટણીમાં ચૂંટણીપંચની માર્ગદર્શિકા અંતર્ગત ૮૫ વર્ષથી વધુની વયના વરિષ્ઠો અને 40 ટકા દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ મતદારો ઘેરબેઠા મતદાન કરી શકશે. આ માટેની પ્રક્રિયા આરંભી દેવાઈ છે, જે વૃદ્ધ અને દિવ્યાંગ મતદારો ઘેર રહીને મતદાન કરવા માગતા હશે, તેમના ઘેર જઈ તંત્રની ટીમ મતદાન કરાવવાની પ્રક્રિયા સંપન્ન કરશે.

નોંધનીય છે કે, વૃદ્ધ તેમજ દિવ્યાંગ મતદારો માટે વિશેષ બૂથ પણ ઊભા કરાય છે. ચૂંટણીપંચ દ્વારા આ માટેની માર્ગદર્શિકા પણ જારી કરવામાં આવે છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## જુના કટારીયા-પોલીસ આઉટ પોસ્ટ:

ભચાઉ તાલુકાના લાકડીયા સ્થિત પોલીસ મથક હેઠળના જુના કટારીયા ગામે પોલીસ આઉટ પોસ્ટનું આજે પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર અને જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ વેળાએ જિલ્લા પોલીસ વડા બાગમારે જણાવ્યું હતું કે , લાકડીયા આઉટ પોસ્ટના નવ નિર્મિત મકાનના લોકાર્પણ બાદ સ્થાનિકે પોલીસ સેવા સરળ બનશે. આઉટ પોસ્ટમાં ચોવીસ કલાક એક એએસઆઇ તથા ત્રણ કોન્સ્ટેબલ ઉપસ્થિત રહેશે. જેથી લોકોને કાયદો અને વ્યવસ્થા માટે લાકડીયા પોલીસ મથકે જવુ નહિ પડે, તેમજ લોકોને સાયબર ક્રાઇમ તથા અજાણ્યા શખ્સો જોવા મળે તો પોલીસને જાણ કરવા માટે જણાવ્યું હતું.

આ સમારોહમાં ભચાઉ નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડા , આસપાસના ગામના સરપંચ તથા ગામના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## ગાંધીધામ સ્ટર્લીંગ-વિશ્વ કીડની દિવસ:

આજે 'વિશ્વ કિડની દિવ સ છે. કીડનીને સ્વસ્થ રાખવાનું કેટલું જરૂરી છે તે અંગે લોકોને માહિતગાર કરવા અને જાગૃત કરવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષે વિશ્વ કિડની દિવસની ઉજવણી કરવામાં આવે છે.

વિશ્વ કીડની દિવસ નિમિતે ગાંધીધામની સ્ટર્લિંગ રામકૃષ્ણ સ્પેશ્યાલિટી હોસ્પિટલ માં હોસ્પિટલનાં તબીબોએ કિડનીનાં રોગો વિશે , તેની સારવાર વિશે હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવારની સંપૂર્ણ અને સર્વાંગી સેવાઓ વિશે તેમજ કિડનીના રોગોનું નિવારણ કરવા માટે જરુરી સાવચેતીઓ વિશે લોકોને જાણકારી આપી હતી જેમાં મોટી સંખ્યામાં લોકો સામેલ થયા હતા. આ પ્રસંગે સ્ટર્લિંગ રામકૃષ્ણ હોસ્પિટલના નેફ્રોલોજિસ્ટ ડૉ. જયમીન સોમાણીએ કહ્યું હતું કે,કીડનીની સારવાર માટે કચ્છની જનતાને બહાર જવાની જરૂર રહી નથી.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## માંડવી, મુન્દ્રા-નવી એસટી બસ પ્રસ્થાન:

પ્રવાસીઓની સુવિધા અર્થે એસટી નિગમ દ્વારા 8 નવી બસ ફાળવાઇ હતી જેનું આજે માંડવીના બસ સ્ટેશનથી ધારાસભ્ય અને અગ્રણીઓની ઉપસ્થિતિ વચ્ચે લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવાયું હતું. ટૂંક સમયમાં અન્ય રૂટ પર પણ નવી બસો દોડાવવામાં આવશે

તેમ આ તકે જણાવાયું હતું. જિલ્લાના 8 ડેપોમાં ચાર દિવસમાં 28 નવી બસો મુકવામાં આવી હતી, જેમાં માંડવીની 4 સ્લીપર, 2 સુપર એકસપ્રેસ અને મુન્દ્રાને 2 સુપર એકસપ્રેસ સહિત 8 નવી બસ ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન દ્વારા ફાળવવામાં આવતા શાસ્ત્રોક્ત વિધિવિધાન કરીને ધારાસભ્ય અનિરૂધ્ધ દવે તેમજ આગેવાનોના હસ્તે પ્રસ્થાન કરાવાયું હતું.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## ભુજ-જીલ્લા તિજોરી કચેરી:

જિલ્લા તિજોરી કચેરી ભુજ કચ્છ ખાતેથી પેન્શન મેળવતા કરપાત્ર પેન્શનરશ્રીઓએ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫થી આવકવેરા કાયદા હેઠળ **Old Regime** અને **New Regime** એમ વિકલ્પ આપવામાં આવેલા છે. જે પેન્શનરશ્રી **Old Regime** નો વિકલ્પ સ્વીકારવા માંગતા હોય તેઓએ જિલ્લા તિજોરી કચેરીને લેખિતમાં ૧૦ એપ્રિલ સુધીમાં નિયત નમૂનામાં વિકલ્પ ફોર્મ - ૧૨ અને રોકાણના આધારો આપવાના રહેશે.

જે પેન્શન રો દ્વારા **Old Regime** નો વિકલ્પ આપેલો હશે તે સિવાયના તમામ પેન્શનરશ્રીઓ **New Regime** નો વિકલ્પ સ્વિકારવા માંગે છે તેમ માનીને આવકવેરા કાયદા હેઠળ કરપાત્ર આવક પર આવકવેરાની કપાત કરવામાં આવશે તેમ જિલ્લા તિજોરી અધિકારીશ્રી ભુજ કચ્છની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

- (માહિતી ખાતુ)

---

## દયાપર-પુરાંત વાળા અંદાજપત્રને બહાલી:

લખપત તાલુકાના મુખ્ય મથક દયાપરમાં આવેલ તાલુકા પંચાયત કચેરી ખાતે યોજાયેલ સામાન્ય સભાની બેઠકમાં રજૂ કરવામાં આવેલા રૂ. 2.19 કરોડની પૂરાંત વાળા અંદાજપત્રને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

દયાપર તાલુકા પંચાયત કચેરીના સભાખંડ ખાતે મહિલા પ્રમુખના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સામાન્ય બેઠકમાં રજૂ કરવામાં આવેલા વર્ષ 2023/24 નું સુધારેલ અને વર્ષ 2024/25 નું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું , જેમા રૂ. 35.11 લાખની આવક સામે રૂ. 32.92 લાખના ખર્ચ સાથે રૂ. 2.19 કરોડની પૂરાંત વાળા અંદાજપત્રને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

- (સ્થાનિક સમાચારપત્ર)

---